લગ્નમાંથી પરત ફરતા હિટ-એન્ડ-રનમાં મહિલાનું કમકમાટીભર્યું મોત

વડોદરા નજીક નેશનલ હાઈવે-48 પર ફરી એકવાર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં અજાણ્યા ભારે વાહનની ટક્કરે બાઈક સવાર 43 વર્ષીય મહિલાનું કરૂણ મોત નીપજ્યું છે. લગ્ન પ્રસંગમાંથી પતિ સાથે પરત ફરી રહેલી મહિલાને અંધારામાં પાછળથી આવતા વાહને જોરદાર ટક્કર મારતા મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું અને રસ્તા પર માંસના લોચા પથરાયા હતા. અકસ્માત સર્જી વાહનચાલક ફરાર થઈ ગયો હતો, જ્યારે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ ખસેડી ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક મહિલા અને તેમના પતિ લગ્ન પ્રસંગમાંથી પરત આવી રહ્યા હતા અને મંજુસર તરફ જઈ રહ્યા હતા. અંધારામાં અચાનક પાછળથી આવતી મોટી ગાડીએ તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મહિલાનું તાત્કાલિક ઘટનાસ્થળે જ મોત થયું હતું અને રસ્તા પર માસના લોચા પથરાયા હતા.

મૃતક મહિલાના પતિ નાસિરઅલી એ જણાવ્યું હતું કે, અમે લગ્નમાંથી આવીને મંજુસર તરફ જઈ રહ્યા હતા. અચાનક પાછળથી મોટી ગાડી આવી અને અમારી બાઈકને ટક્કર મારી. અંધારામાં કંઈ ખબર જ ન પડી અને આ અકસ્માત સર્જાયો.

સમગ્ર મામલે પોલીસે ઘટનાસ્થળે દોડી આવી વધુ તપાસ હાથ ધરી હતી. મૃતક મહિલાની ઉમર આશરે 43 વર્ષ છે, પોલીસે મૃતદેહનો કબજો મેળવી સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. હાલમાં આ મામલે પોલીસે ફરાર ચાલકની શોધમાં તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, અવાર નવાર નેશનલ હાઈવે પર સર્જાઈ રહેલા અકસ્માત પર લગામ કસવા માટે તંત્ર નિષ્ફળ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર વડોદરાના ફાજલપુર ગામ નજીક આજે એક રુંવાડા ઉભા કરી દે તેવો ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક બેફામ ટ્રકચાલકે બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારતા સાસુ-જમાઈના મોત નિપજ્યા હતા. દંપતી દીકરીની સગાઈ માટે છોકરો જોવા જઈ રહ્યા હતા ત્યારે આ કરુણ બનાવ બન્યો હોવાનું સામે આવ્યું હતું.

મતદારોની વિકાસ અને સમસ્યા ઉકેલની માંગ:બાકી કામોને પ્રાધાન્ય આપનાર ઉમેદવારને જ મત આવવા રહીશોની ચિમકી

બોટાદ નગરપાલિકાની ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગી સહિતની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માહોલ વચ્ચે મતદારોનો મિજાજ જાણવા માટે VTV બોટાદના વોર્ડ નંબર ૪ માં પહોંચ્યું હતું.બોટાદ નગરપાલિકામાં કુલ 11 વોર્ડ આવેલા છે, જેમાંથી વોર્ડ નંબર 4 માં આશરે 9 હજાર મતદારો વસવાટ કરે છે. આ વોર્ડમાં ખોડિયારનગર 1-2, જયાનગર, ગાયત્રીનગર, એમએમ પ્રેસ, કાદરશેઠની વાડી, શંકરપરા અને સિટી જીન જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વોર્ડના કેટલાક વિસ્તારોમાં સીસી રોડ અને સ્ટ્રીટલાઈટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે, પરંતુ હજુ પણ અનેક વિસ્તારોમાં પીવાના પાણીની તંગી, સ્ટ્રીટલાઈટનો અભાવ અને સીસી રોડની સમસ્યાઓ પ્રવર્તી રહી છે. આ ઉપરાંત, મહિલાઓ માટે સ્નાનગૃહ અને નિયમિત સફાઈ જેવી મૂળભૂત સુવિધાઓની પણ માંગ ઉઠી છે.

ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં ચાલુ કારમાં ભીષણ આગ

કાર સંપૂર્ણ બળીને ખાખ, ચાલકનો આબાદ બચાવ

ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં એક ચાલુ કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં જોતજોતામાં આખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે, કાર ચાલકની સમયસૂચકતાને કારણે તેમનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી.

આ ઘટના ગોધરા શહેરના વ્યસ્ત ભુરાવાવ વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી ત્યારે બની હતી. કારમાં અચાનક શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ અજાણ્યા કારણોસર ધુમાડા નીકળવા લાગ્યા હતા. કાર ચાલક કંઈ સમજે તે પહેલા જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ગણતરીની મિનિટોમાં જ આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી.

આગ લાગતા જ કાર ચાલકે તુરંત કારમાંથી બહાર નીકળી જઈ પોતાની જાન બચાવી હતી. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો અને લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ ગોધરા નગરપાલિકાના ફાયર વિભાગને કરવામાં આવતા, ફાયર ફાઈટરોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર વિભાગે ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

બિયર પીનાર લોકો વધુ સેક્સી અનુભવ કરે છે

બિયરનો ક્રેઝ હવે વધ્યો છે

ફ્રાન્સમાં વૈજ્ઞાનિકોએ અભ્યાસ બાદ તારણ આપતા કહ્યું છે કે બીયર હાથમાં હોવાની સ્થિતિમાં વ્યક્તિ પોતાને વધૂ સેક્સી, સ્માર્ટ અનુભવ કરે છે. ફ્રાન્સ યૂનિવર્સિટીમાં લોરેન્ટબેગના નેતૃત્વમાં સાયકોલિજીસ્ટની ટીમ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે હાથમાં શરાબ અથવા બિયર હોવાની સ્થિતિમાં તે પોતાને વધુ સેક્સી અનુભવ કરે છે. પ્રથમ તબક્કામાં અભ્યાસના ભાગરૂપે મોટી સંખ્યામાં ડ્રીંકરોને આવરી લેવામાં આવ્યા હતા. અભ્યાસ દરમિયન પુરુષોએ કહ્યું છે કે તેઓ શરાબ હાથમાં હોવાની સ્થિતિમાં વધારે આત્મવિશ્વાસી અને સેક્સી અનુભવ કરે છે. જુદા જુદા પ્રકારની બિયર અને શરાબને અભ્યાસના ભાગરૂપે આવરી લેવામાં આવ્યા બાદ લોકોના અભિપ્રાય મેળવવામાં આવ્યા હતા.

મિક્સ શરાબ પણ આમાં આવરી લેવામાં આવી હતી. શરાબનું સેવન કરતીવેળા લોકો પોતાને ખૂબ જ આત્મવિશ્વાસી અનુભવ કરે છે. શરાબ પીતી વેળા નવી નવી બ્રાન્ડને લઈને પણ ઉત્સુક્તા રહે છે. શરાબ પીતી વેળા ફિલ્મ નિહાળવા, ટીવી નિહાળવાની બાબત પણ હવે સર્વ સામાન્ય બની છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે શરાબ પીનાર વ્યક્તિ પોતાને વધુ આકર્ષક પણ અનુભવ કરે છે.

અભ્યાસના તારણ બ્રિટિશ જરનલ ઓફ સાઈકોલોજીસ્ટમાં પ્રકાશિત કરવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે પશ્ચિમી દેશોમાં શરાબ સામાન્ય બાબત છે.

લોકો જુદા જુદા ફ્રુટની બિયરનો ઉપયોગ જેમાં બનાના બિયર, ફ્રુટ બિયરનો સમાવેશ થાય છે. બેલ્જિયમમાં ૬૦ ટકા લોકો બનાના ફ્લેવરનો ઉપયોગ કરે છે. બ્રાઝિલ અને પશ્ચિમ જર્મનીમાં ફ્રુટ ડ્રીંકનો વધારે ઉપયોગ કરવામાં આવે છે.

ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં ચાલુ કારમાં ભીષણ આગ

ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં એક ચાલુ કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં જોતજોતામાં આખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે, કાર ચાલકની સમયસૂચકતાને કારણે તેમનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી. આ ઘટના ગોધરા શહેરના વ્યસ્ત ભુરાવાવ વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી ત્યારે બની હતી. કારમાં અચાનક શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ અજાણ્યા કારણોસર ધુમાડા નીકળવા લાગ્યા હતા. કાર ચાલક કંઈ સમજે તે પહેલા જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ગણતરીની મિનિટોમાં જ આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી.

-:: શેર સર્ટિફિકેટ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::-

અમારા અસીલ શ્રી ધી નજમી એપાર્ટમેન્ટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ સુરત (રજી. નં : ઘ-૪૫૫૭) ના સભાસદ જ. નેમતુલ્લાબાઈ સા. અકબરભાઈ સા. રહે : ------, સુરતનાએ સોસાયટી તરફથી પોતાને ફાળવવામાં આવેલ શેર સર્ટિફિકેટ નં : ૬૩ શેર અનુક્રમ નં : ૧૫૮૩ થી ૧૬૫૫ નું શેર સર્ટિફિકેટ ગુમ થઈ ગયેલ હોવાનું અને પુરતી શોધખોળ કરવા છતાં મળી આવેલ નહિ હોવાનું જણાવી સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેર સર્ટિફિકેટની માંગણી કરેલ છે. જેથી, તેઓએ જો કોઈપણ વ્યકિત, બેંક યા સંસ્થા પાસેથી સદરહુ શેર સર્ટિફિકેટને આધારે કોઈપણ જાતનું કરજ-બોજ યા વ્યવહારો કરેલા હોય તો તેઓએ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહિત અમારો થા. અમારા અસીલ સોસાયટીનો સંપર્ક કરવો. મુદ્દત વીત્યે સદર શેર સર્ટિફિકેટને આધારે કોઈ વ્યવહારો કરવામાં આવેલ નથી અને કરેલા હોય તો તે જતા કર્યા છે તેમ માની અમારા અસીલ સોસાયટી તેઓને તેમની માંગણી મુજબ ડુપ્લીકેટ શેર સર્ટિફિકેટ ઈસ્યુ કરશે. ત્યારબાદ કોઈની

અમારી સૂચનાથી
પ્રમુખ
મંત્રી
ઉપપ્રમુખ

સહી
(રશીદા ટી. સિયામવાલા)
તે ધી નજમી એપાર્ટમેન્ટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ સુરતના એડવોકેટ

રશીદા તૈયબભાઈ સિયામવાલા
બી.એ.,એલએલ.બી.
એડવોકેટ એન્ડ નોટરી
મદરસહ સ્કુલના બાજુમાં, શેરાંજીવાડ, બેગમપુરા,સુરત મો : ૯૮૭૯૩ ૧૬૮૫૨

એસેટસ કેર એન્ડ રીકન્સ્ટ્રકશન એન્ટરપ્રાઈઝ લિમીટેડ (એસીઆરઈ)

ACRE MAKING ASSETS WORK

રજિસ્ટર્ડ ઓફિસ: ૧૪મા માળે, ઈરોઝ કોર્પોરેટ ટાવર, નહેરૂ પ્લેસ, નવી દિલ્હી-૧૧૦૦૧૯ ફોન: ૯૧-૧૧-૪૩૧૧૫૬૦૦, ફેક્સ: ૯૧-૧૧-૪૩૧૧૫૬૧૮
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. ૫૦૨,સી વિંગ,વન બીકેસી, રેડીયસ ડેવલપર, પ્લોટ નં.સી-૬૬, જી-બ્લોક, બાન્દ્રા કુર્લા કોમ્પલેક્ષ,
મુંબઈ-૪૦૦૦૫૧ ફોન :૦૨૨ ૬૮૬૪૩૧૦૧ Email: acre.arc@acreindia.in website: www.acreindia.in CIN:U65993DL2002PLC115769

પરિશિષ્ટ ૪-એ મુજબ
સ્થાવર મિલકત ના વેચાણ માટે જાહેર નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સકિયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (સરફાયેસી એકટ) ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૯(૧) મુજબ ઈ-ઓકશનથી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ
આથી જનતાને તથા ખાસ નીચે જણાવેલા દેવાદાર (રો) અને સહદાર (રો)ને જણાવવાનું કે નીચે જણાવેલી ગીરો મિલકતો જે તેમણે મૂળ ધિરાણકારો/એસાઈનર બેંક પાસે ગીરો મુકી હતી જેનો એસાઈનર બેંક દ્વારા એસાઈમ્નેન્ટ એગ્રીમેન્ટથી એસેટસ કેર એન્ડ રીકન્સ્ટ્રકશન એન્ટરપ્રાઈઝ લિમીટેડ જે એસીઆરઈ-૧૬૬ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે [CIN:U65993DL2002PLC115769] ને તબદીલ કરી હતી જેનો વાસ્તવિક કબજો (સલામત ધિરાણકારના) અધિકૃત અધિકારીએ લીધો હતો.જેનું વેચાણ ' જ્યાં છે ત્યાં છે' જેમ છે તેમ છે' અને કોઈ વિકલ્પ નથીના ધોરણે સલામત ધિરાણકારના નીચે જણાવ્યા મુજબના બાકી લેણાંની વસુલાત માટે કરવામાં આવશે.જેના દેવાદાર(રો) અને સહદાર (રો), અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટ.

વિગતો નીચે મુજબ છે.

અ. નં.	લોન ખાતા નં. અને એસીઆરઈ ટ્રસ્ટનું નામ	નામ/દેવાદાર (રો) સહદેવાદાર(રો)ગીરોદાર (રો) અને જામીનદારોના નામ	કુલ બાકી લેણી રકમ	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડિપોઝીટ (રૂ.માં)	ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ/ આરટીજીએસ/એનઈએફટીથી ચુકવવાની છે તે બેંક ખાતાની વિગતો	ઓકશનની તારીખ અને સમય	ઈએમડીની તારીખ અને સમય
1.	AFH000900521840 ACRE 166 TRUST	મેઘના મેહુલકુમાર પ્રજાપતી (દેવાદાર) મેહુલ પ્રજાપતી (સહદેવાદાર)	રૂ. ૨૬,૮૬,૨૨૫/-(રૂપિયા છવ્વીસ લાખ છયાંસી હજાર બસ્સો પચ્ચીસ પુરા) તા.૨૮.૦૩.૨૦૨૬ સુધીના તથા પુરી ચુકવણી થાય ત્યાં સુધીનું લાગુ પડતું વ્યાજ, કિંમત અને ખર્ચ સહિત.	રૂ. ૧૬,૫૦,૦૦૦/- (રૂપિયા સોળ લાખ પચાસ હજાર પુરા)	રૂ.૧,૬૫,૦૦/- (રૂપિયા એક લાખ પાંસઠ હજાર પુરા)	Account Name : ACRE-166-TRUST Account Number : 0901102000042112 Bank : IDBI Bank IFSC : IBKL0000901	૨૯-એપ્રિલ-૨૦૨૬ બપોરે ૨.૩૦ થી બપોરે ૩.૩૦ દરમિયાન	૨૮-એપ્રિલ-૨૦૨૬ સાંજે ૪.૦૦ સુધી
	સ્થાવર મિલકતનું વર્ણન: ફ્લેટ નં.જે-૫૦૨, ટાવર 'ટી', પાંચમા માળે, 'ડિવાઈન ગેલેક્ષી' કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૪૯.૦૭ ચો.મી. ની સાથે અવિભાજિત જમીનનો ૩૩.૨૬ ચો.મી. ભાગ જુનો રે.સ.નં.૩૮૮,બ્લોક નં.૩૦૪, ગામ કલાલ, રજિ. જિ. વડોદરા, પેટા જિ. વડોદરા ચતુ:સીમા: પૂર્વે: રહેણાંક યુનિટ, પશ્ચિમે: ફ્લેટ નં. ૫૦૩,ઉત્તરે: ફ્લેટ નં. ૫૦૧, દક્ષિણે: બ્લોક નં.૩૦૫						
2.	AFH000900584289 ACRE 166 TRUST	મેહુલ રોહિતભાઈ રાણા (દેવાદાર) સોનલ મેહુલભાઈ રાણા (સહદેવાદાર)	રૂ. ૧૭,૬૫,૩૭૦.૭૯/- (રૂપિયા સત્તર લાખ પાંસઠ હજાર ત્રણસો સિત્તેર અને ઓગણ્યાંસી પૈસા પુરા) તા.૨૮.૦૩.૨૦૨૬ સુધીના તથા પુરી ચુકવણી થાય ત્યાં સુધીનું લાગુ પડતું વ્યાજ, કિંમત અને ખર્ચ સહિત.	રૂ.૫,૦૦,૦૦૦/- (રૂપિયા પાંચ લાખ પુરા)	રૂ.૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર પુરા)	Account Name : ACRE-166-TRUST Account Number : 0901102000042112 Bank : IDBI Bank IFSC : IBKL0000901	૨૯-એપ્રિલ-૨૦૨૬ બપોરે૨.૩૦ થી બપોરે ૩.૩૦ દરમિયાન	૨૮-એપ્રિલ-૨૦૨૬ સાંજે ૪.૦૦ સુધી
	સ્થાવર મિલકતનું વર્ણન: ફ્લેટ નં. બી-૨૬, બીજા માળે, ટાવર 'બી', શિવધારા ફ્લેટસ ઉપર જણાવેલા પરીશિષ્ટ-એ મુજબ પહેલા પક્ષને વેચાયો હતો. કથિત ફ્લેટનું સુપર બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૫૩૫ ચો.ફૂટ ની સાથે કથિત ફ્લેટસની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ મળી કુલ ક્ષેત્રફળ ૩૫૫.૭૭ ચો.ફૂટ કથિત ફ્લેટ આરસીસી રૂફ, પાણીનું જોડાણ, ઈલેક્ટ્રીક જોડાણ અને ટોઈલેટ બાથરૂમ ધરાવે છે. કથિત ફ્લેટની ચતુ:સીમા: પૂર્વે : ફ્લેટ નં.બી-૨૫ની સાથે પેસેજ અને દાદર, પશ્ચિમે: માર્જિનની ખુલ્લી જગ્યા, ઉત્તરે ફ્લેટ નં.બી-૨૭, દક્ષિણે: ખુલ્લી જગ્યા.						
3.	AFH000900510406 ACRE 166 TRUST	રણજીતરામ એસ. રામ (દેવાદાર) સરીતા કુમારી (સહદેવાદાર)	રૂ.૨૯,૨૬,૫૫૧.૭૮/- (રૂપિયા ઓગણત્રીસ લાખ છવ્વીસ હજાર પાંચસો એકાવન અને ઈકોતેર પૈસા પુરા) તા.૨૮.૦૩.૨૦૨૬ સુધીના તથા પુરી ચુકવણી થાય ત્યાં સુધીનું લાગુ પડતું વ્યાજ, કિંમત અને ખર્ચ સહિત	રૂ. ૧૯,૦૦,૦૦૦/- (રૂપિયા ઓગણીસ લાખ પુરા)	રૂ. ૧,૯૦,૦૦૦/- (રૂપિયા એક લાખ નેવુ હજાર પુરા)	Account Name : ACRE-166-TRUST Account Number : 0901102000042112 Bank : IDBI Bank IFSC : IBKL0000901	૨૯-એપ્રિલ-૨૦૨૬ બપોરે૨.૩૦ થી બપોરે ૩.૩૦ દરમિયાન	૨૮-એપ્રિલ-૨૦૨૬ સાંજે ૪.૦૦ સુધી
	સ્થાવર મિલકતનું વર્ણન: તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત ફ્લેટ નં.એ-૧૦૫, પહેલા માળે,ટાવર 'એ', સર્વ સ્કવેર ક્ષેત્રફળ ૧૩.૨૦ ચો.મી.ની સાથે અવિભાજિત જમીનનો ૨૮.૫૮ ચો.મી. ભાગ,બ્લોક/સર્વે નં. ૧૩૯/૨/બી, ક્ષેત્રફળ ૨૯.૩૪ ચો. મી. મોજે ગામ હરણી, તા. જિ. વડોદરા રજિ. જિ. પેટા જિ. વડોદરા ટીપી સ્કીમ નં. ૧(હરણી), ફા.પ્લોટ ક્ષેત્રફળ ૨૦૫૪ ચો.મી. રહેણાંક અને વ્યવસાયિક હેતુની બિનખેતી જમીન મંજુર પ્લાન મુજબ આંતરીક અને બાહ્ય ઉપયોગના અધિકારો સાથે ચતુ:સીમા: પૂર્વે : ફ્લેટ નં. એ-૧૦૪, પશ્ચિમે: લિફ્ટ, ઉત્તરે: ફ્લેટ નં.બી-૨૭, દક્ષિણે: ખુલ્લી જગ્યા						
4.	AFH000900794968 ACRE 166 TRUST	ઠાકુર રાજેન્દ્ર (દેવાદાર) ઠાકુર જ્યોતિબેન (સહદેવાદાર)	રૂ. ૧૭,૯૦,૩૧૬.૭૭/- (રૂપિયા સત્તર લાખ નેવુ હજાર ત્રણસો સોળ અને સિત્તોતેર પૈસા પુરા) તા.૨૮.૦૩.૨૦૨૬ સુધીના તથા પુરી ચુકવણી થાય ત્યાં સુધીનું લાગુ પડતું વ્યાજ, કિંમત અને ખર્ચ સહિત.	રૂ. ૧૧,૦૦,૦૦૦/- (રૂપિયા અગિયાર લાખ પુરા)	રૂ. ૧,૧૦,૦૦૦/- (રૂપિયા એક લાખ દસ હજાર પુરા)	Account Name : ACRE-166-TRUST Account Number : 0901102000042112 Bank : IDBI Bank IFSC : IBKL0000901	૨૯-એપ્રિલ-૨૦૨૬ બપોરે૨.૩૦ થી બપોરે ૩.૩૦ દરમિયાન	૨૮-એપ્રિલ-૨૦૨૬ સાંજે ૪.૦૦ સુધી
	સ્થાવર મિલકતનું વર્ણન: તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત ફ્લેટ નં.એ-૨૦૨, ટાવર 'એ', કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૩૩.૦૫ ચો.મી. બીજા માળે 'ઓરો રેસીડેન્સી' ટીપી સ્કીમ નં.૧(હરણી),ફા.પ્લોટ નં.૧૦૩ સી ગામ બિલ, પેટા જિ. અકોટા વડોદરા ભાગ-૩, રજિ.જિ.વડોદરા ચતુ:સીમા: પૂર્વે : ૭.૫૦ મી.નો રોડ, પશ્ચિમે: ફ્લેટ નં. એ-૨૦૩, ઉત્તરે: ફ્લેટ નં. એ-૨૦૧, દક્ષિણે: ખુલ્લી જગ્યા						
5.	AFH000700286728 ACRE 166 TRUST	વંદન ભરતભાઈ રાવળ (દેવાદાર) ભરતકુમાર રાવળ (સહદેવાદાર) ચેતનાબેન વંદન કુમાર રાવળ (સહદેવાદાર)	રૂ.૨૦,૧૯,૭૬૪.૦૮/- (રૂપિયા વીસ લાખ ઓગણીસ હજાર સાતસો ચોસઠ અને આઠ પૈસા પુરા) તા.૨૮.૦૩.૨૦૨૬ સુધીના તથા પુરી ચુકવણી થાય ત્યાં સુધીનું લાગુ પડતું વ્યાજ, કિંમત અને ખર્ચ સહિત.	રૂ. ૧૭,૦૦,૦૦૦/- (રૂપિયા સત્તર લાખ પુરા)	રૂ. ૧,૭૦,૦૦૦/- (રૂપિયા એક લાખ સિત્તેર હજાર પુરા)	Account Name : ACRE-166-TRUST Account Number : 0901102000042112 Bank : IDBI Bank IFSC : IBKL0000901	૨૯-એપ્રિલ-૨૦૨૬ બપોરે૨.૩૦ થી બપોરે ૩.૩૦ દરમિયાન	૨૮-એપ્રિલ-૨૦૨૬ સાંજે ૪.૦૦ સુધી
	સ્થાવર મિલકતનું વર્ણન: તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત ફ્લેટ નં. ડી-૨-૨૩, બીજા માળે, બ્લોક 'ડી', શકિત ગાર્ડનિયા સુપર બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૧૦૫ ચો.વાર (અથવા ૮૭.૭૯ ચો.મી.) ની સાથેઅવિભાજિત જમીનનો ૨૪.૯૦ ચો.મી.ભાગ મળી કુલ ક્ષેત્રફળ ૬૫૫૬ ચો.મી. ફા.પ્લોટ નં. ૩૧૯ ,બ્લોક/સર્વે નં. ૧૪૦૨/૧ અને ૧૪૦૨/૨, ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં. ૧૨૮(વટવા-અસલાલી) ફા.પ્લોટ નં.૩૧૯ મોજે ગામ વટવા, તા.દસક્રોઈ, પેટા જિ. અમદાવાદ-૫ (નારોલ) રજિ. જિ. અમદાવાદ,ગુજરાત ની સાથે આંતરીક અને બાહ્ય ઉપયોગના અધિકારો ચતુ:સીમા: પૂર્વે : ફ્લેટ નં. ડી-૨/૨૪, પશ્ચિમે: માર્જિન બાદ ગાર્ડન,ઉત્તરે: સોસાયટીનો રોડ, દક્ષિણે: ફ્લેટ નં.ડી-૨/૨૨						
5.	H496HLT0683489 / H496HLD0656306 ACRE 178 TRUST	યુસુફ ઈસ્માઈલભાઈ લુહાર (દેવાદાર) ફરઝાનાબાનુ યુસુફ ભાઈ લુહાર (સહદેવાદાર)	રૂ.૯, ૭૫, ૬૪૫.૭૧/- (રૂપિયા નવ લાખ પંચોતેર હજાર છસ્સો પિસ્તાલીસ અને એકોતેર પૈસા પુરા) તા.૨૮.૦૩.૨૦૨૬ સુધીના તથા પુરી ચુકવણી થાય ત્યાં સુધીનું લાગુ પડતું વ્યાજ, કિંમત અને ખર્ચ સહિત.	રૂ. ૩,૮૦,૦૦૦/- (રૂપિયા ત્રણ લાખ એંસી હજાર પુરા)	રૂ. ૩૮,૦૦૦/- (રૂપિયા આડત્રીસ હજાર પુરા)	Account Name : ACRE-178-TRUST Account Number : 0901102000042617 Bank : IDBI Bank IFSC : IBKL0000901	૨૯-એપ્રિલ-૨૦૨૬ બપોરે૨.૩૦ થી બપોરે ૩.૩૦ દરમિયાન	૨૮-એપ્રિલ-૨૦૨૬ સાંજે ૪.૦૦ સુધી
	સ્થાવર મિલકતનું વર્ણન: તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત રહેણાંક મકાન પ્લોટ નં.૧૯ (પૈકી ઉત્તર તરફે) ક્ષેત્રફળ ૪૭.૪૦ ચો.મી. નવો સર્વે નં. ૧૧૭૦ (જુનો સર્વે નં. ૧૬૭ પૈકી) મોજે ગામ હિમત નગર,તા. હિમત નગર, જિ.સાબકાંઠા સવગઢ ગૃપ ગ્રામપંચાયતની હદમાં ની સાથે આંતરીક અને બાહ્ય ઉપયોગના અધિકારો ચતુ:સીમા: પૂર્વે : ૬.૦૦ મી. નો રોડ, પશ્ચિમે: માર્જિન બાદ પ્લોટ નં. ૩૨, ઉત્તરે: પ્લોટ નં.૧૮, દક્ષિણે: પ્લોટ નં.૧૯ (પૈકી)નો બાકીનો ભાગ						

ઉપર જણાવેલ લોન ખાતા (ઓ)ના તમામ અધિકારો, ટાઈટલ, હિતો,ગિરો, હકો અને અથવા જામીનગીરોની સાથે ઉપર જણાવેલ સ્થાવર મિલકતોના અધિકારો એસેટસ કેર એન્ડ રીકન્સ્ટ્રકશન એન્ટરપ્રાઈઝ લિમીટેડ જે વિવિધ ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે કામ કરે છે તેમની પાસે છે.

ઓકશન પ્રક્રિયાની મહત્વની વિગતો

૧.	ઈએમડીની ચુકવણી ડીમાન્ડ ડ્રાફ્ટ/આરટીજીએસ/એનઈએફટી દ્વારા ઉપર જણાવેલ બેંક ખાતામાં જમા કરાવવાની રહેશે.	
૨.	ઓકશનની વેબ સાઈટ:	www.bankeauctions.com
૩.	સંપર્ક ની વિગતો:	રોહન સાવંત - ૯૮૩૩૧૪૩૦૧૩,કપિલ ખોબર ગડે- ૮૮૪૯૯૬૭૩૮૬
૪.	મિલકતનું નિરીક્ષણ અગાઉથી એપોઈન્ટમેન્ટ મુજબ	
૫.	વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરી વેબસાઈટની મુલાકાત લો :www.acreindia.in.in/www.bankeauctions.com	

તા. ૨૯-૦૩-૨૦૨૬
સ્થળ: ગુજરાત

સહિ- અધિકૃત અધિકારી,
એસેટસ કેર એન્ડ રીકન્સ્ટ્રકશન એન્ટરપ્રાઈઝ લિમીટેડ